
# રાંતેજ તીર્થ

## શ્રી નેમનાથ મહારાજ કારખાના ટ્રસ્ટ

મુ. પો. રાંતેજ (વાયા બલોલ) તા. બેચરાજી જી. મહેસાણા.
☎ : (૦૨૭૩૪) ૮૯૩૧૦




સંકલનકાર : મૂનિશ્રી કુશળચંદ્ર વિજયજી

(આ પુસ્તક જ્યાં ત્યાં રખડતું મૂકી શ્રી તીર્થની અને શ્રી જ્ઞાનની આશાતના કરવી નહિ.)

॥ यदुवंश-समुदेन्दुः, कर्मकक्ष-हुताशनः,
अरिष्टनेमिर्भगवान, भूयाद्वोऽरिष्ट-शाशन ॥

અર્થ : "યદુવંશરૂપી સમદ્રમાં ચંદ્ર સમાન અને કર્મરૂપી (શુષ્ક) વનમાં અગ્નિ સમાન શ્રી અરિષ્ટનેમિભગવાન તમારા ઉપદ્રવન નાશ કરનારા થાઓ



**✻ સૌજન્ય ✻**

સ્વ. શેઠશ્રી ચીનુભાઇ લલ્લુભાઇ ગાંધી પરિવાર
(રાંતેજવાળા)
હ. મુકેશભાઇ ગાંધી

॥ ૐ હ્રીં શ્રી અર્હં નમઃ ॥

# રાંતેજ તીર્થ


* સંકલનકાર *

પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય કસ્તૂરસૂરીશ્વરજી
મહારાજ સાહેબના વિનેય શિષ્યરત્ન
પ. પૂ. મુનિરાજશ્રી કુશળચંદ્રવિજયજી મ.



વિ. સં. ૨૦૫૫    મૂલ્ય - ૫ રૂા.    વીર સં. ૨૫૨૫

# * પ્રસ્તાવના *

રાંતેજ તીર્થના બાવન જિનાલયના જિન પ્રતિમાઓનો ચમત્કાર ભર્યો ગૌરવવંતો ઈતિહાસ છે. એ રાંતેજ તીર્થની બાવન જિનાલયની દેરીઓ જીર્ણ થઇ હતી એનો સંપૂર્ણ જીર્ણોધ્ધાર પૂ. પાદ સુવિશાલ ગચ્છાધિપતિ આ. ભ શ્રીમદ્ વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મ. સા. ના સદુપદેશથી શ્રી શંખેશ્વર તીર્થની પેઢીના આર્થિક સહકારથી ભારે જહેમત ઉઠાવી રાંતેજ સંઘે કરાવેલ છે તથા પૂ આ ભ. મિત્રાનંદસૂરીશ્વરજી મ. સા. આપેલા શુભ મુહુર્તે બધી દેરીઓમાં પ્રભુજીનો મંગલ પ્રવેશ થયો સંવત ૨૦૪૫ મહાસુદ ૧૩ ને શનિવાર તા ૧૮-૨-૮૯ ના શુભ મુહુર્તે મહોત્સવ પૂર્વક પ્રતિષ્ઠા પ. પૂ આ. શ્રીમદ્ વિજય પ્રેમસુરીશ્વરજી મ. સા. ના પટ્ટવિભુષક સેંકડો વર્ષોના ઈતિહાસમાં વર્ધમાન તપની ૧૦૦+ ૧૦૦+૬૫=૨૬૫ ઓળીના અનન્ય આરાધક પૂ. આ. ભ શ્રીમદ્ વિજયરાજ તિલકસૂરીશ્વરજી મ. સા. તથા પૂ આ. ભ. સોમચંદ્ર સુરીશ્વરજી મ. સા. ની શુભ નિશ્રામાં કરાવેલ છે.

અલબત્ત હજુ પણ જીર્ણોધ્ધારનું કાર્ય ચાલુ જ છે. આજુબાજુની દેરી ઉપર ચૂના માટીનું કામ છે. તેથી જીર્ણોધ્ધાર કરાવવાની જરૂરીયાત છે.

એ અંગેનો સંપર્ક અત્રેના ટ્રસ્ટીઓ સાથે કરવો.

લી૦

રાંતેજ જૈન તીર્થ



શેરીસા તીર્થના પ્રગટ પ્રભાવી મૂળનાયક

**શ્રી નેમિનાથ ભગવાન**

# "પ્રાસ્તાવિક"

ચિત્રવિચિત્ર પ્રકારના દુઃખ દર્દ અને પરિષહોથી ભરપુર અસાર એવા આ સંસારમાં તીર્થ એ મહા આલંબનરૂપ છે. તીર્થની પૂજના, સ્તવના અને ઉપાસનાથી જીવ અવશ્ય તરે છે...

તેમાં યોગનાનુયોગ આવા જ એક તીર્થ શ્રી રાંતેજના ઉધ્ધારના કાર્ય માટે વિજ્ઞપ્તિ આવી. આવા અદ્ભુત કાર્યમાં કોણ પોતાની શકિત ગોપાવે....?

તેમાં પણ પ. પૂ આચાર્ય શ્રી ચંદ્રોદયસુરીશ્વરજી મહારાજ સાહેબની દિવ્ય પ્રેરણા....પછી પૂછવું જ શું?

અત્રેના મૂળનાયક ભગવંતશ્રી નેમનાથ પ્રભુજીના કોઇ દેવી પ્રભાવથી મને રાંતેજ તીર્થના ઈતિહાસ અંગે વિચાર સ્કૂર્યો... પછી જેવી....આવડે....તેવી પણ એ દિશામાં કલમ દોડાવી.... નિશ્ચય એકજ હતો આ પ્રાચીન તીર્થની પ્રભાવના વધારવાનો...

જે આશય આજે ફળીભૂત થયો છે "રાંતેજ તીર્થ" નું આ પુસ્તક પ્રગટ કરવાનો હેતું કેવળ "પરસ્વરૂપ સ્મરણના મૂકાવી આ તીર્થના મહાઆલંબનથી સ્વરૂપમાં સ્મરણના કરવાનો અને કરાવવાનો જ છે."

આ તીર્થનું અતિશય શાંત વાતાવરણ સ્વચ્છના અને ચોખ્ખાઈ સહુ કોઇને ભવ્ય આરાધનામાં જોડે છે. અત્રેના મૂળનાયકભગવંતની પ્રતિમાજી પણ અદ્ભુત અલૌકિક છે. એક વખત દર્શન કર્યા પછી ત્યાંથી દૂર ખસવાનું મન જ થતું નથી.

અલબત્ત આ તીર્થમાં હજી જીર્ણોદ્ધારનું કાર્ય અધુરુ પડેલ છે. જો તે સંપૂર્ણ ખંતથી ઉપાડવામાં આવે તો અવશ્ય આ તીર્થની શોભામાં અનેક ઘણો વધારો થાય તેમ છે. જો હજુ પણ આ તીર્થમાં વધુ ખોદકામ કરવામાં આવે તો ઘણું બધુ જાણવા મળે તેમ છે. અનેક બીજા પ્રાચીન પ્રતિમાજી નીકળવાનો સંભવ છે.

છેવટે આ પુસ્તકના આલેખન કાર્યમાં સુરેન્દ્રનગર શ્રી જૈન જ્ઞાન ભંડારના માનદ્ સંચાલક શ્રી પુષ્પકરભાઈ ધારસીભાઇ વોરાએ જે અપુર્વ સહકાર આપ્યો છે તે બદલ તેમનો પણ અત્યંત આભાર માનું છું.

અંતમાં આ તીર્થની પુસ્તકના આલેખનમાં મતિદોષથી જાણતાં અજાણતાં કોઈપણ દોષ લાગ્યો હોય તો મન, વચન અને કાયાથી મિચ્છામી દુક્કડં યાચુ છું.

"સવિ જીવ કરૂં શાસન રસી..."

॥ इति शुभम् भवंतु ॥

વિ. સં. ૨૦૨૮
અષાઢ વદ ૫ સોમવાર
જૈન ઉપાશ્રય, સુરેન્દ્રનગર

લી॰
મુ. કુશળચંદ્ર વિજયજી

# શ્રી શંતેજ તીર્થ

કેવલમધિગન્ય વિભુઃસ્વયમેંવ જ્ઞાનદર્શનમનન્તનતમ્ ।
લોકહિપાય કૃતાર્થોઙપિ દેશયામાસ તીર્થમિદમ્ ॥

શ્રી તત્વાર્થાધિગમ સૂત્ર ભાષ્યકારિકા

અર્થાત "પ્રભુ પોતે અનંત જ્ઞાન દર્શન યુકત કેવલ્ય પામીને કૃતાર્થ થયેલા છે. છતાં તેમણે લોકોના હિતને માટે આ તીર્થ શાસને ઉપદેશ્યું"

તીર્થ શબ્દ જ શ્રવણ કરતાં આત્મપ્રદેશોમાં કોઈ દિવ્ય ઝણઝણાટી ગમે તેવા જીવને આવી જાય છે. પંચમકાળમાં તીર્થ એ મહા આલંબન રૂપ છે...તીર્થ....એ ભવસંસાર તરવા માટેનું એક અદ્‌ભુત સાધન છે.

'અન્ય સ્થાનેકૃતં પાપમ તીર્થ સ્થાને વિનશ્યતિ'
આ પંકિતમાંજ તીર્થની મહત્તા દેખાઈ આવે છે.

શ્રી તીર્થંકર ભગવતોએ બે પ્રકારના તીર્થ પ્રરૂપ્યાં છે. પ્રથમ....સ્થાવરતીર્થ....અને....

....બીજુ....જંગમ તીર્થ....

શ્રી તીર્થંકર ભગવંતોએ સ્થાપન કરેલ...ગણધર ભગવંતો અને ચતુર્વિધ શ્રી સંઘ તે જંગમતીર્થ....

શ્રી ૨૪ તીર્થંકરોની પાંચ કલ્યાણકોની ભૂમિઓ તથા તેમના ચરણકમળોથી પવિત્ર થયેલી ભૂમિઓ અનેક જીવોના આત્મકલ્યાણમાં સાધનભૂત બનેલી ભૂમિઓ અને શ્રી જિનેશ્વર ભગવંતોના ભવ્ય મંદિરો અને પ્રાચીન જિનપ્રતિમાઓથી વિભૂષિત તેવું ભૂમિક્ષેત્ર...તે સ્થાવર તીર્થ છે.

શ્રી રાંતેજ તીર્થ આવું જ સુંદર સ્થાવર તીર્થ છે. રાંતેજ ગામ ઉત્તર ગુજરાતમાં ભોંયણીથી શંખેશ્વર જતાં રસ્તામાં આવે છે. રેલ્વે રસ્તે અમદાવાદથી બહુચરાજી જતી ગાડીમાંથી ભોંયણી પછી ત્રીજુ સ્ટેશન રાંતેજ આવે છે. હાલ બસ સર્વિસ ચાલુ છે.

## રાંતેજ તીર્થની પ્રાચીનતા અને જાહોજલાલી

રાંતેજ ગામનું મૂળનામ 'રત્નાવતી નગરી' હતું પાંચસો કંસારાના ઘર હતાં...ખૂબજ વિશાળ નગરી હતી...અનેક ગગન ચુંબી જીન મંદિરોથી વિભૂષિત એ રત્નાવતી નગરી સૈકાઓ પહેલાં દટાઈ ગયેલી હતી. ખોદકામ કરતાં એક સુંદર નયનરમ્ય પ્રાચીન બાવન જીનાલયનું ભવ્ય દેરાસર નીકળેલ છે. આશ્ચર્યકારક હકીકત તો તે છે કે આ જિનાલય ફક્ત ખાલી હતું જુના શ્રાવકો પૂ ગીતાર્થ મૂનિ ભગવંતો આપત્તિકાળમાં કેવી રીતે શ્રી જિનમૂર્તિઓની પ્રાણના ભોગે રક્ષા કરતા હતા એ આ હકીકત ઉપરથી જાણી શકાય છે.

## હાલના રાંતેજ તીર્થની ઉત્પત્તિ

રાંતેજ નાનું ગામડું હતુ શ્રાવકના કોઈપણ ઘર ન હતા. શ્રી જિનમંદીર કે ઉપાશ્રય પણ ન હતા. રાંતેજ ગામની બાજુમાં ધનપુર (કટોસણ) ગામ ૩ માઈલ દુર છે. ત્યાંનો એક શ્રાવક વેપાર અર્થે રાંતેજ અવારનવાર આવતા હતા. ઘણી વખત રાતવાસો તે રાંતેજ ગામમાં ગાળતો, અલબત્ત કોઈને ત્યાં આ શ્રાવક રાત સુઇ રહેતો. ભવિષ્યના યોગે કોઈ એક રાત્રીએ શ્રાવકને દિવ્ય સ્વપ્ન આવ્યું કે "બાવાના મઠ નીચે ભવ્ય દેરાસર છે. ખોદકામ કરાવ અને તે સુંદર જિન મંદિર બહાર કાઢ" પરંતુ શ્રાવકે ખોટો આભાસ થયો છે. તેમ માની આ વાતને

ધ્યાનમાં લીધી નહી...પછી એકવાર નહી...બેવાર નહી...ઘણી વાર શ્રાવકને આવા સ્વપ્ન આવવા લાગ્યા...છતાં શ્રાવકે ગણકાર્યું નહી.

એક દિવસ અડધી રાત્રે એકાએક અધિષ્ઠાયકદેવે તે સૂતેલા શ્રાવકને હાથ પકડી જણાવ્યું કે "કેમ ખોદાવતો નથી? દેરાસર દટાયેલું પડ્યું છે તે ખોદાવ...." શ્રાવકે કહ્યું કે આ સાચું હશે કે ખોટું તેની મને શંકા થઈ વળી હું સ્વપ્નની વાત સ્વપ્નવત જ સમજતો હતો.

અધિષ્ઠાયક દેવે જણાવ્યું કે તું ધનપુર (કટોસણ) ના સંઘને આ હકીકત જણાવ ને ત્યાંના દરબારને આ હકીકતથી વાકેફ કર, પછી હું યોગ્ય કરીશ...કહી દેવ અદ્રશ્ય થયા.

બાવન જિનાલયનું દેરાસર નીકળ્યું.

તે શ્રાવક પોતાના ગામ ધનપુર (કટોસણ) પાછો આવ્યો રસ્તે આનંદ આનંદની છોળો ઉછળતી હતી ખૂબજ હર્ષથી તે ઘેલો બન્યો હતો. ગામના સંઘને ભેગા કરી વાત જણાવી. શ્રી સંઘે યોગ્ય કરવા વિચાર્યું ગામના દરબારને વિનંતી કરી અને આ અંગે યોગ્ય મદદ માગી.

દરબારે યોગ્ય કરવા વચન આપ્યું અને થોડા દિવસો પછી સંઘ તથા દરબાર શંતેજ ગામે આવ્યા ગામ બહાર મઠ હતો. તેના મહંતને મળી સર્વ હકીકત જણાવી. મહંત સમજુ અને વિવેકી હતા જવાબ આપ્યો કે ખોદકામ કરતાં ન નીકળે તો શું કરવું? ત્યારે સંઘ તથા દરબારે મલી નિર્ણય કર્યો કે

ખોદકામ કરવું અને જો દેરાસર નીકળે તો મઠ બીજે સ્થળે નવો વસાવી આપવો અને દેરાસર ન નીકળે તો તેના જ સ્થળે મઠ જે સ્થિતિમાં છે તે મુજબ બનાવી આપવો. તે રીતે સંઘે લખાણ કરી આપ્યું.


થોડા ટાઇમમાં ખોદકામ કરતાં દેરી તથા દેરાસર વગેરે નીકળતાં સૌ અચંબો પામી ગયા. સર્વે ખૂબજ હર્ષ પામ્યા દરબાર પણ જૈન ધર્મ ઉપર શ્રધ્ધાળુ બન્યા દેરાસર એ બાવન જિનાલય યુકત હતું. દેરીને ખોદતાં થોડું નુકશાન થયુ હતું બાકી બધુ સારી હાલતમાં હતું. અલબત્ત આખા દેરાસરમાં એક પણ મૂર્તિ નીકળી નહી......!!

## મૂર્તિ માટે શ્રાવકની અઠ્ઠમતપની આરાધના

જે શ્રાવકને દેરાસર અંગે સ્વપ્ન આવેલ તેને મૂર્તિ નહી નીકળતાં ઘણું દુઃખ થયું....દેરાસર નીકળતાં તે અપુર્વ શ્રધ્ધાવંત બની ગયો હતો. તેને વિચાર કર્યો કે મૂર્તિ કોઈ સ્થળે હોવી જ જોઈએ. આ અંગે અધિષ્ઠાયક દેવને યાદ કરવા નિર્ણય કર્યો અને....મહા મંગળકારી અઠ્ઠમતપની સાધના આરંભી...એક દિવસ પસાર થયો...

કાંઈ જવાબ ન મલ્યો....બીજો દિવસ પણ એમને એમ પસાર થઈ ગયો...છતાં શ્રાવકનો નિર્ણય અડગ હતો...તે જરા પણ ચલિત ન થયો...આશરે ત્રીજા દિવસની અંતિમ સાધના બાદ તેની અપૂર્વ ભકિતથી અધિષ્ઠાયક દેવ પ્રસન્ન થયા...

પ્રગટ થઈ કેમ યાદ કર્યો? તેમ કહ્યું....શ્રાવકે જણાવ્યું કે મૂર્તિ વિનાનું દેરાસર શા કામનું? અધિષ્ઠાયક દેવે કહ્યું કે ગામની પૂર્વ દિશાના પાદરે જ્યાં રબારીના ઘરો છે ત્યાં ખોદકામ કરાવો તો મૂર્તિ નીકળશે.



રાંતેજ તીર્થનું એક દ્રશ્ય

અઢાર શ્રી જિન પ્રતિમાઓ મળી.

ગામના પાદરે રબારીઓના ઘર હતા ત્યાં ખોદકામ કરતાં ૧૮ પ્રતિમાઓ નીકળી. આથી તે શ્રાવક તથા સંઘ ખૂબજ હર્ષિત થયો. આ ૧૮ પ્રતિમા નીકળી તેમાંથી મૂળ નાયક સાથે પાંચ શ્રી જિન પ્રતિમા ગભારામાં પધરાવેલ છે. બાકીની ૧૩ પ્રતિમા ભમતીમાં પધરાવેલ અને ભમતીમાંની બીજી પ્રતિમાઓ અવાર નવાર બીજેથી લાવવામાં આવી છે. મૂળ નાયક શ્રી નેમનાથ ભગવંત છે. તે પ્રાચીન પ્રતિમાજીને લેપ કરેલ છે. છેલ્લો લેપ વર્ષો પહેલાં થયેલ છે.

ગભારાની બહાર નીકળતાં ડાબા હાથે શ્રી પદમાવતી દેવીની પ્રતિમા છે. જેના ઉપર લેખ છે ભમતી તેમજ બીજા ભાગોમાં અન્ય સ્થળે પણ લેખો છે. તે લેખો ઉતરાવી સંશોધન કરાવાય તો ઈતિહાસ ઉપર સારો પ્રકાશ પડે તેમ છે. તે વાંચતાં સદરહુ તીર્થનો જીર્ણોદ્ધાર વિ સં. ૧૧૦૦, ૧૩૦૦, ૧૬૦૦ માં થયેલ છે. ત્યાર પછી ૧૮૭૪, ૧૮૮૫ ની સાલમાં થયેલ છે. પ્રતિષ્ઠા સંવત ૧૮૯૩ માં થયેલી છે. અને તે સાલગીરી હાલ મહાસુદ–૧૩ ની ઉજવાય છે.

પ્રાચીન ભોયરૂ.

ભમતીની દેરી નં. ૩૪ માં ભોયરૂ છે. જેમાંથી થોડા વર્ષો ઉપર ખોદકામ કરતાં ખંડિત મૂર્તિઓ નીકળેલી, જેને ભંડારવામાં આવી છે. ઉંડે ખોદાણ કરતાં ભમરો, મંકોડા, માખી વગેરે નીકળતાં ખોદકામ કરાવતા નથી માટી પણ તદ્દન પોચી નીકળે છે. ભોંયરામાં ૫૦ માણસ ઉભા રહી શકે તેટલી જગ્યા છે. આ ભોયરૂ રાંતેજથી મોઢેરા થઇ પાટણ જાય છે. રાંતેજથી પાટણ ૧૮ ગઉ છે. જ્યાં પંચાસરા દેરાસરજી નજીક શ્રી હેમચંદ્રાચાર્ય ઉપાશ્રય પાસે નીકળાય છે. એમ વડવાઓ કહેતા હતા.

પાટણથી વાહન માર્ગે ભોયરામાંથી શ્રાવક દરરોજ પૂજા કરવા આવતો હતો. અનુમાન થાય કે ભોયરૂ કુમારપાળ રાજાના સમયનું હોવું જોઈએ.

## પ્રાચીન પરિકરો

બાવન જિનાલયની દરેક દેરીમાં પરિકરો હતા તે કાઢેલી હાલતમાં છુટા ભોયરામાં ડટાયેલાં પડેલા હતા. ભોયરામાંથી પરિકરો ખોદાવી બહાર કાઢયા હતા. તે પ. પૂ. ગુરૂદેવ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબના સૂચનથી કદંબગીરી તીર્થમાં મોકલાવ્યા છે. તે પરિકરો હાલ કદંબગીરી તીર્થમાં વિદ્યમાન છે. બે પરિકરો ભમતીમાં જ છે. જેના ઉપર ૧૧૦૦, ૧૩૦૦ ના લેખો પણ છે.

## શ્રી સરસ્વતી દેવીની ભવ્ય મૂર્તિ.

ભમતીની દેરી નં. ૪૬ માં શ્રી સરસ્વતી દેવીની ભવ્ય મૂર્તિ છે. જે ખંડીત થયેલી છે. તે પણ અતિ પ્રાચીન છે. બાવન દેરી પૂર્ણ થયા પછી ગૃહસ્થની ચાર પ્રતિમા છે. જેના ઉપર સં. ૧૩૦૮ ના લેખો છે તેમજ લક્ષમણસિંહ, સંગ્રામસિંહ, રત્નાદેવી વગેરે નામો લખેલ વંચાય છે.

## શ્રી મહાવીર સ્વામિની મૂર્તિ પ્રગટ થઈ.

દેરાસરની અંદર દાખલ થતાં દરવાજા ઉપર શ્રી મહાવીર સ્વામિની દેરી છે. જેમાં શ્રી મહાવીર ભગવંતની ભવ્ય પ્રતિમા છે. જેનો ઈતિહાસ આ પ્રમાણે છે. શંતેજના પટેલ પોતાનું ઘર બંધાવતા હતા. મકાનની ભીંત દરરોજ

ચણાવતા પણ બીજે દિવસે પાછી કુદરતી રીતે પડી જતી. આવું ત્રણ ચાર દિવસ લાગટ ચાલ્યું આથી પાયો વધુ ઉંડો કરવા પટેલ કહ્યું, પાયો વધુ ઉંડો ખોદવાનું કાર્ય શરૂ થયું ખોદતા ખોદતા પાયામાંથી શ્રી મહાવીર સ્વામીની ભવ્ય મૂર્તિ નીકળી મજુરની બેદરકારીને કારણે આ પ્રતિમાજીનું નાક તથા હાથ ખંડિત થયા છે.

તે પ્રતિમા ૧૫૦ વર્ષ પહેલાં ભોંયણીના શ્રી મલ્લીનાથ ભગવાન નીકળ્યા તેજ સાલમાં અહીં પ્રગટ થયા હતા. તેમજ શ્રી શંખેશ્વરજી જેવું બેઠા ઘાટનું દેરાસરજી પણ નીકળેલ છે ને દેરાસર પણ હાલ મોજુદ છે.

## આ તીર્થના ચમત્કારો.

(૧)

૨૦૦ વર્ષ અગાઉની હકીકત છે....

રાત્રે પૂજારી દેરાસરની માંગલીક કરી ઘરે ગયો હતો. અડધી રાત થવા આવી હશે....કેટલાક ચોરો ચોરી કરવા દેરાસરમાં દાખલ થયા....મૂળ ગભારાના તાળાં તોડી મુંગટ આભુષણો આદિ લઈ નાઠા ગામ પસાર કરી જ્યાં તેઓ સીમની હદ પસાર કરે છે ત્યાં તેઓની આંખે એકાએક દેખાતુ બંધ થઈ ગયું....તેઓ ગભરાયા....આમથી તેમ ફાંફાં મારવા લાગ્યા પણ કાંઈ દેખાય જ નહિ.

કેવો અદ્‌ભુત ચમત્કાર !


ભવિતવ્યતાના યોગે ચોરોને વિચાર આવ્યો કે આપણે કરેલી ચોરીને લીધે તો આમ નથી બન્યું ને? મનોમન એ ભગવાનને યાદ કર્યા, ગદ્ ગદ્ થઈ ગયા....પ્રાર્થના કરી કે જો અમને આંખે દેખાતું થશે તો હવેથી ચોરી નહી કરીએ. અને જે ચોરી કરી છે તેના દંડ તરીકે એક ભેંસ પ્રભુજીની ભકિત માટે દૂધ વાપરવા આપીશું આવો સંકલ્પ કર્યો.

તરતજ તેઓને દેખાવા લાગ્યું તેઓ ખૂબ જ આશ્ચર્ય સાથે શ્રધ્ધાવંત બન્યાં પાછા દેરાસરમાં આવી મુગટ દાગીના વગેરે યથાસ્થાને મુકીને દરવાજા બંધ કરી જતા રહ્યા.

સવારે પૂજારી આવ્યો તાળાં તૂટેલાં જોયા પરંતુ બધુ સલામત જોઈ તેને ઉહાપોહ કર્યાં વિના દેરાસરનું કામકાજ કરવા માંડયું. થોડી વાર થઈ હશે ત્યાં પેલા ચોરો ભેંસ લઈને આવ્યા અને રાત્રિની ચોરીની તેમજ ભગવાનના ચમત્કારની બધી વાત કરી. સમસ્ત સંઘને બોલાવી ભેંસ સોંપી અને તે ભેસનું દુધ પ્રક્ષાલમાં લેવા જણાવ્યું. શ્રી સંઘે પણ આનંદ આશ્ચર્ય સાથે તે વાત સ્વીકારી. ચોરો પણ પ્રભુજી પ્રત્યે રાગી બન્યા.

(૨)

અત્રે દેરાસરજી અવારનવાર એક સુંદર નાગરાજના દર્શન થાય છે, તે કાળો સર્પ કોઇને પણ કરડતો નથી પુજારીના હાથમાં તેમજ પગમાં ચાર–પાંચ વખત આ સર્પ આવ્યો હતો છતાં કરડયા વિના દર્શન આપી ચાલ્યો ગયો હતો. રાંતેજ ગામની પ્રજાપતિ કોમની એક બાઈએ પર્યૂષણમાં અઠ્ઠાઈની તપસ્યા કરી હતી. રાત્રે ઉપાશ્રયમાં સંથારો કરી તેના મસ્તક નીચે પણ સર્પ આવ્યો હતો બાઈ જયારે ઉઠી ત્યારે તેનાં માથા નીચેથી સર્પ ગુચળું વળેલો નીકળ્યો હતો, ઉપાશ્રયની બહાર



ચમત્કારિક રાંતેજ તીર્થના જિનાલયનું
મુખ્ય પ્રવેશદ્વાર

જતાં ઘણા શ્રાવક–શ્રાવિકાઓએ નજરે જોયેલો હતો. કહેવાય છે કે ખુદ અધિષ્ઠાયક દેવ સર્પ રૂપે અત્રે આવી તીર્થની રક્ષા કરે છે અને દર્શન આપે છે.

(૩)

દસ વર્ષ અગાઉ જયારે અત્રેની પદમાવતી દેવીની પ્રતિષ્ઠા થયેલી તે વખતે મૂળ ગભારામાં ઘણીજ અમીવર્ષા થયેલી હજુ પણ અવાર નવાર થયા કરે છે. જુના ચોકીદારો પાસેથી જાણવા મળે છે કે ઘણી વખતે રાત્રિના સમયે દિવ્ય વાજિંત્રો, ગીત, નૃત્યોના અદ્‌ભુત અવાજ સંભળાય છે....

(૪)

આ રાંતેજ તીર્થમાં ઘણા વર્ષ પૂર્વે એક શ્રાવકના વડવાઓ રહેતા હતા તેઓનું મોસાળ અહીં થતું હતું. કાળ બળે તેમના મામાની સ્થિતિ ખૂબજ નબળી પડી ગઈ આથી મામાએ પોતાના આ ભાણેજોને બીજે જતાં રહેવાનું કહ્યા કરતાં પણ ભાણેજો અહીંના મૂળનાયક ભગવંત પ્રત્યેની અદ્‌ભૂત શ્રધ્ધાને કારણે જતા નહી.

એક દિવસ કોઇ કામકાજ પ્રસંગે ભાણેજો બહારગામ ગયા. બરાબર લાગ જોઇ મામાએ મકાનને ખંભાતી મજબૂત તાળું લગાવી દીધું. ભાણેજો આવ્યા મકાનને તાળું લાગેલું જોઈ મામા પાસે ચાવી લેવા ગયા મામાએ ચોખ્ખી ના સંભળાવી અહીંથી બીજે ચાલ્યા જવાનું કહ્યું ખુબ બોલાચાલી થઈ.

ભાણેજોએ કહ્યું કે અમોને અત્રેના પ્રભુજી પ્રત્યે પૂર્ણ શ્રધ્ધા છે. કુદરતી રીતે જો તાળું ઉઘડી જાય તો અમારે અત્રે રહેવું. જો ન ખુલે તો ચાલ્યા જવું મામાએ શરત કબુલ રાખી.

ભાણેજોએ ઘીનો અખંડ દીવો કરી મનોમન પ્રભુજીને ખરા ભાવથી દિવ્ય પ્રાર્થના-સ્તવના કરી....શ્રધ્ધાનું બળ....

...પ્રભુજીનો પ્રભાવ...તરતજ એ મજબૂત ખંભાની તાળું ફટાક કરતું આપોઆપ ખૂલી નીચે પડયું...સૌ...જોઈ રહ્યાં... આશ્ચર્યથી દંગ થઇ ગયા....ભાણેજોની શ્રધ્ધા વધુ સુદૃઢ બની ત્યારથી આ શ્રાવકના વંશજો અહીં જ રહે છે. અને તેમના મામાના વંશજ હવે કોઇ રહ્યા નથી.


(૫)

વર્ષો અગાઉની વાત છે. કેટલાક ચોરો અગ્રે જિનાલયમાં ચોરી કરવા આવ્યા. ખૂબ પ્રયત્ન કર્યા પણ દરવાજા ન ખુલ્યા આથી હતાશ થઈ પાછા ગયા.

ફરી દસેક દિવસ બાદ રાત્રે સોનીનો પ્રાયમસ લઇને તથા દરવાજો તોડવાના અન્ય સાધનો લઇને આવ્યા....આજ તો નિશ્ચય જ કર્યો હતો કે ગમે તેમ કરી ભગવાનના ઘરેણાં લઈ જ જવા.

સોનીના પ્રાયમસ વડે બારણું સળગાવવા પ્રયત્ન કર્યો અન્ય સાધનોથી બારણા તોડવા અથાગ બળ વાપર્યું, પણ દરવાજો ન ખુલ્યો આખરે થાકીને ચોરો ચાલ્યા ગયા પર્યુષણ પર્વ હોવાથી પુજારી વહેલો ઉઠી દેરાસર આવ્યો બારણા ઉપર અગ્નિ અને આજુ બાજુ પાણીની નિશાનીઓ જોઈ તેને ચોરીની શંકા ગઈ.

તરતજ ગભરાતો ગભરાતો ચાવીથી દરવાજો ખોલવા લાગ્યો....પણ આ....શું....?



ફરતી બાવન દેરીઓનું એક દ્રશ્ય

ચાવી...તેની તે જ...દરવાજો દરરોજ ખૂલે...અને...આમ કેમ? અડધી કલાક મથ્યો પણ દરવાજો ખૂલે જ નહીં.

પર્યુષણાપર્વના દિવસો....

....દેરાસર બંધ રહે શી રીતે...સંઘના લોકો થયા ભેગા... સુથાર લુહારને બોલાવ્યા પણ બધુ જ વ્યર્થ બહુચરાજી મોટા લુહારને બોલાવવા ગયા પણ તેને આવવાનીજ ના પાડી.

ત્યાંથી ગયા ચાણસ્મા...ત્યાંના લુહારને વિનંતી કરી. લુહાર આવ્યો જાતજાતના સાધનોથી બારણા ઉઘાડવા પ્રયત્નો કર્યા પણ દરવાજો ન જ ખૂલ્યો તે ન જ ખૂલ્યો ચિંતા થવા લાગી. ગાડીમાં બેસીને જઇએ તો રાત્રે ૧૦ વાગે પહોંચીએ પ્રતિમાજીતો અપૂજ જ રહે....ચિંતા વધવા લાગી.

તે દરમ્યાન અહીંના પુજારીને વિચાર સ્ફુર્યો, મૂળનાયક ભગવંત ખૂબ જ પ્રભાવશાળી છે તેમના ચમત્કાર ઘણા થાય છે. ચોક્કસ કંઈક અજૂગતું આસાતનાવાળુ કાર્ય થયું હશે, તેથી જ આ દરવાજો ખુલતો નથી.

આથી મનોમન અપૂર્વ શ્રધ્ધાથી પૂર્ણ....સમર્પણ ભાવ લાવી દિવો કરી પ્રાર્થના કરી "હે અધિષ્ઠાયક દેવ તારામાં જો ખરી અને પ્રગટ શકિત હોય તો તરતજ આ દરવાજો ખુલી જજો..." તેમ બોલી જે ચાવી હતી તેજ ચાવીથી દરવાજો ખોલવા પ્રયત્ન કર્યો...અને...બારાણું કિચૂડ...કિચૂડ...કરતુ ખુલી ગયું......બધા......રાજી......થઇ ગયા...કોઈ હર્ષના આંસું લાવી ગીતડાં....ગાવા લાગ્યાં પ્રભુજીની ભકિતભાવે સર્વેને પૂજન-સ્તવના કરી ત્યારથી શ્રી સંઘ અને પુજારી જાગૃત પણે દેરાસરમાં કયારે પણ ચોરી ન થાય તેના માટે સંપૂર્ણ કાળજી રાખવા લાગ્યા.

અહીંયા અધિષ્ઠાયકદેવ ખૂબજ જાગૃત છે. શ્રી જિનાલયના વિસ્તારમાં કોઈનું મરણ પ્રાય: કરીને થતું નથી. પડખે આવેલ મેડા ઉપર ઉપાશ્રયમાં વ્યાખ્યાન ચાલતું હતું ને દરમ્યાન માથે મુંડન કરાવેલ ચાર વર્ષનો બાળક પંદર ફુટ ઉંચેથી દાદર પરથી પડી ગયો હતો, છતાં તે આબાદ રીતે બચી જવા પામ્યો હતો.

આવા અનેક ચિત્ર વિચિત્ર પ્રકારના ચમત્કાર આ તીર્થમાં થયા છે. અને હાલ પણ થઈ રહ્યા છે. મૂળનાયક ભગવંતની પ્રતિમા ખૂબજ અલૌકીક અને આકર્ષક છે તેનો પ્રભાવ પણ અદ્‌ભુત અચિંત્ય છે. એક વખત દર્શન કર્યા પછી ત્યાંથી ખસવાનું પણ મન થતું નથી.

અહીંનું વાતાવરણ સ્વચ્છતા અને શાંતિથી ભરપુર છે. અહીંની પ્રાચીનતા, શાંત વાતાવરણ જાત્રાળુઓમાં ભક્તિનો અનેરો ઉત્સાહ પ્રગટાવે છે.

## "રાંતેજ તીર્થ જવા આવવાના વિવિધ માર્ગો"

(૧) રાંતેજ તીર્થ ઉત્તર ગુજરાતમાં અમદાવાદથી બહુચરાજી જતી ગાડીમાં ભોયણી તીર્થ પછીના બે સ્ટેશનો પછીનું સ્ટેશન છે. રાંતેજ સ્ટેશનથી રાંતેજ ગામ એક માઈલથી કાંઈક ઓછા અંતર પર છે.

(૨) વિહારના રસ્તે ભોંયણીથી કટોસણ રોડ ૪ થી ૪ા માઈલ અને ત્યાંથી રાંતેજ ૭ થી ૮ માઈલ થાય છે. રેલ્વે પાટા તથા પાકી સડકનો રસ્તો છે. ભોંયણી થી રાંતેજ ૨૦ કિ.મી. છે.

(૩) રાંતેજ થી દેથલી, બહુચરાજી, શંખલપુર થઈ શ્રી શંખેશ્વર તીર્થ જવાય છે.

(૪) પાટણથી ચાણસ્મા, મોઢેરા થઈ રાંતેજ અવાય છે.

(૫) અમદાવાદથી બહુચરાજી સવારની ટ્રેનમાં તેમજ કડી થી રણુંજ સવારમાં તેમજ અમદાવાદ થી પાટણ વાયા ભોંયણી બહુચરાજી સાંજની ટ્રેનોમાં રાંતેજ સ્ટેશને અવાય છે. ઉપરની દરેક ટ્રેઈનો રાંતેજ સ્ટેશને ઉભી રહે છે.

(૬) ગુજરાત સ્ટેટની બસ સર્વિસ મહેસાણા બરીયફ વાયા રાંતેજ મહેસાણાથી ઉપડી સાડાસાત વાગે સાંજે અત્રે આવે છે. અને સવારે ૬ાા વાગે ઉપડી મહેસાણા જાય છે.

(૭) અમદાવાદથી શંખેશ્વર વાયા કલોલ, કડી, ભોંયણી થઈ રાંતેજ બસ આવે છે અને જાય છે.

(૮) એસ. ટી. બસ મહેસાણાથી ઉંધરોજ વાયા રાંતેજ સાંજે પા। વાગે ઉપડી ૬॥ વાગે રાંતેજ આવે છે ને સવારે પરત મહેસાણા જાય છે.

## —: રાંતેજ ફરતી પંચતીર્થી :—

૧ શ્રી ભોયણી રાંતેજ તીર્થથી રેલ્વે સ્ટેશનથી ૨૦ કિ. મી. છે.

૨ શ્રી શંખલપુર રાંતેજ થી ૨૦ કિ. મી. દૂર છે. (બહુચરાજી સ્ટેશનથી એક માઈલ દૂર)

૩ શ્રી ચાણસ્મા ગામમાં ભટેવા પાર્શ્વનાથશ્રીજી છે. (વેળુની) ચમત્કારિક પ્રતિમા છે. ૩૦ કિ. મી. છે. ચાણસ્મા રેલ્વે સ્ટેશન છે.

૪ શ્રી કંબોઈ તીર્થ છે. ત્યાં શ્રી મનમોહન પાર્શ્વનાથજી છે. કંબોઈ રેલ્વે સ્ટેશન છે.

૫ શ્રી ગાભુ તીર્થ પ્રાચીન છે. રાંતેજ થી ૨૫ કિ. મી. થાય છે.

૬ શ્રી મોઢેરા તીર્થ પ્રાચીન હતું હાલ અવશેષો છે.

૭ શંખેશ્વર થી રાંતેજ ૬૫ કિ. મી. થાય છે.

# * ૫૪ જીનાલયવાળુ શંતેજ-તીર્થ *

| દેરી નં. | | પ્રતિમાજીનું નામ |
|---|---|---|
| ૧ | | આદેશ્વર ભગવાન |
| ૨ | | અજીતનાથજી સ્વામી |
| ૨ | | અજીતનાથજી સ્વામી |
| ૩ | | સંભવનાથ સ્વામી |
| ૪ | | મલ્લીનાથ સ્વામી |
| ૫ | | પાર્શ્વનાથ સ્વામી |
| ૫ | | પાર્શ્વનાથ સ્વામી |
| ૬ | | અભિનંદન સ્વામી |
| ૭ | | શાંતિનાથ સ્વામી |
| ૮ | | શાંતિનાથ સ્વામી |
| ૯ | | કુંથુનાથ સ્વામી |
| ૧૦ | | મુનિસુવ્રત સ્વામી |
| ૧૦ | | મુનિસુવ્રત સ્વામી |
| ૧૧ | | મુનિસુવ્રત સ્વામી |
| ૧૨ | | મુનિસુવ્રત સ્વામી |
| ૧૩ | મોટી | મોટી આદેશ્વર ભગવાન |
| ૧૩ | (ડાબે) | સુમતિનાથ સ્વામી |
| ૧૩ | (જમણે) | સુમતિનાથ સ્વામી |
| ૧૪ | | શીતલનાથ સ્વામી |
| ૧૫ | | નમિનાથ સ્વામી |
| ૧૬ | | મહાવીર સ્વામી |
| ૧૭ | | સુવિધિનાથ સ્વામી |
| ૧૮ | | પાર્શ્વનાથ સ્વામી |
| ૧૯ | | વાસુપૂજ્ય સ્વામી |
| ૨૦ | | ધર્મનાથ સ્વામી |

| દેરી નં. | | પ્રતિમાજીનું નામ |
|---|---|---|
| ૨૧ | | શાંતિનાથ સ્વામી |
| ૨૧ | (ડાબે) | ધર્મનાથ સ્વામી |
| ૨૧ | (જમણે) | વાસુપૂજ્ય સ્વામી |
| ૨૨ | | અજીતનાથ સ્વામી |
| ૨૩ | | પાર્શ્વનાથ સ્વામી |
| ૨૪ | | મહાવીર સ્વામી |
| ૨૫ | | નમિનાથ સ્વામી |
| ૨૬ | | અજીતનાથજી સ્વામી |
| ૨૭ | મોટી | મહાવીર સ્વામી |
| ૨૭ | (ડાબે) | ચંદ્રપ્રભુ સ્વામી |
| ૨૭ | (જમણે) | વાસુપુંજય સ્વામી |
| ૨૮ | | મલ્લીનાથ સ્વામી |
| ૨૯ | | ચંદ્રપ્રભુ સ્વામી |
| ૩૦ | | નેમનાથ સ્વામી |
| ૩૧ | | પાર્શ્વનાથ સ્વામી |
| ૩૧ | | પાર્શ્વનાથ સ્વામી |
| ૩૨ | | ધર્મનાથ સ્વામી |
| ૩૩ | (ડાબે) | નેમનાથ સ્વામી |
| ૩૩ | (વચ્ચે) | શીતલનાથ સ્વામી |
| ૩૩ | (જમણે) | અભિનંદન સ્વામી |
| ૩૪ | | મહાવીર સ્વામી |
| ૩૫ | | સંભવનાથ સ્વામી |
| ૩૫ | | સંભવનાથ સ્વામી |
| ૩૬ | | શાંતિનાથ સ્વામી |
| ૩૭ | | રૂષભદેવ સ્વામી |
| ૩૮ | | નેમનાથ સ્વામી |
| ૩૯ | | સુપાર્શ્વનાથ સ્વામી |



મૂળનાયક ભગવંત શ્રી નેમનાથ

| દેરી નં. | | પ્રતિમાજીનું નામ |
|---|---|---|
| ૪૦ | | નેમનાથ સ્વામી |
| ૪૧ | મોટી | પાર્શ્વનાથ સ્વામી |
| ૪૧ | (ડાબે) | અજીતનાથ સ્વામી |
| ૪૧ | (જમણે) | નેમનાથ સ્વામી |
| ૪૨ | | મુનિસુવ્રત સ્વામી |
| ૪૩ | | શ્રેયાંસનાથ સ્વામી |
| ૪૪ | | નેમનાથ સ્વામી |
| ૪૫ | | વિમલનાથ સ્વામી |
| ૪૬ | | ધર્મનાથ સ્વામી |
| ૪૭ | | શાન્તિનાથ સ્વામી |
| ૪૮ | | શીતલનાથ સ્વામી |
| ૪૯ | | સુપાર્શ્વનાથ સ્વામી |
| ૫૦ | | શ્રેયાંશનાથ સ્વામી |
| ૫૧ | | ચક્રેશ્વરી દેવી |
| ૫૨ | | મહાલક્ષ્મી દેવી |
| ૫૩ | | સરસ્વતી દેવી |
| ૫૪ | | મૂળનાયક સુપાર્શ્વનાથ સ્વામી (ગભારામાં) |

## રાંતેજ તીર્થની પુછપરછ માટે નીચેના સભ્યોનો સંપર્ક કરવો

(૧) અરવિંદભાઇ પન્નાલાલ શાહ (ઓ.) ૩૮૪૮૯૫
અમદાવાદ (રહે.) ૪૬૪૦૯૭

(૨) રમેશભાઈ ચીમનલાલ ગાંધી (ઓ.)
અમદાવાદ (રહે.) ૭૫૫૬૧૯૩

(૩) મુકેશભાઈ ચીનુભાઇ ગાંધી (ઓ.) ૩૮૨૭૫૬
અમદાવાદ (રહે.) ૭૫૦૮૧૪૭
૭૫૦૮૩૪૭

(૪) ભરતભાઈ મોહનલાલ શાહ (ઓ.) ૫૨૬૯૩
મહેસાણા (રહે.) ૫૦૫૬૬

(૫) અમૃતલાલ મંગળદાસ સંઘવી (ઓ.) ૨૧૬૪૫
સુરેન્દ્રનગર (રહે.) ૩૦૩૭૬

(૬) રમેશચંદ્ર ચંદુલાલ ગાંધી (ઓ.) ૬૪૬૩૨૭
સુરત (રહે.)

श्रीकैलाससागरसूरि ज्ञानमंदिर
श्रीमहावीर जैन आराधना केन्द्र
कोबा (गांधीनगर) पि ३८२००९

ઉપાશ્રય-ભોજનશાળા તથા ધર્મશાળાની
સુખભરી સગવડતા ઉપલબ્ધ છે.
કાયમી ભાતી પણ અપાય છે.

# શ્રી નેમનાથ મહારાજ કારખાના ટ્રસ્ટ

## કાયમી તીથી

(૧) ૧૧૧૧) સાધારણ ખાતાની કાયમી તીથી
(૨) ૧૫૦૧) ભોજનશાળા ફોટો યોજના
(૩) ૧૫૦૧) ભોજનશાળાની કાયમી તીથી (પુનમ/બેસતો મહિનો)
(૪) ૧૧૧૧) „ „ બાકીના દિવસની તીથી
(૫) ૩૦૧) કાયમી ભાતા ખાતાની તીથી
(૬) ૨૫૧) અખંડ દીવાની તીથી માટે
(૭) ૨૫૧) આંગીની કાયમી તીથી
(૮) ૨૫૧) સ્નાત્ર પુજાની કાયમી તીથી

ઉપર મુજબ હાલમાં કાયમી તીથીઓની યોજના ચાલુ છે. તો આપ આપનાથી બની શકે તેટલો અમુલ્ય લાભ લેવા વિનંતી. હાલ ધર્મશાળાનું કામ ચાલુ છે. તો તેમાં પણ ઉદાર હાથે યોગ્ય રકમ આપવા વિનંતી.

એજ લી,
ટ્રસ્ટી મંડળ ગણ

# ✱ રાંતેજ—તીર્થ ✱

## શ્રી નેમનાથ મહારાજ કારખાના ટ્રસ્ટની
## આગ્રહભરી વિનંતી

પધારો... પધારો... પધારો...

—: વાંચો અને વંચાવો :—

**જૈન શાસનના પ. પૂ. આચાર્યો, મુનિભગવંતો તથા સાધ્વી મહારાજો, અને જૈન સમાજના શ્રેષ્ઠિવર્યો, સુશ્રાવકો, સુશ્રાવિકાઓ તથા ટ્રસ્ટો જોગ**

સવિનય જણાવવાનું કે અહીં જૈનોના ફકત ચારથી પાંચ જ ઘર છે. સાધુ સાધ્વી વૈયાવચ્ચનો ખર્ચો, ભોજનશાળા તથા સાધારણ ખાતામાં તોટો મોટો રહે છે. તો આપશ્રીને નમ્ર વિનંતી છે કે સાધારણ ...ળામાં ઉદાર હાથે યથાશકિત ભેટ અ...

જૈન સમાજના શ્રેષ્ઠિવર્યો,
ટ્રસ્ટો જોગ

કાયમી તિથિની ...ટલ નં. ૩ ઉપર આપેલ છે, તો ... હાથે ફાળો આપવા વિનંતી.

...ાવવાનું કે અહીં જૈનોના
સાધ્વી વૈયાવચ્ચનો ખર્ચો,

જિર્ણોદ્ધારનું કામ પણ ચાલુ છે. તેમજ નૂતન ધર્મશાળાનું આયોજન કરેલ હોઈ દેવ દ્રવ્યમાંથી તથા સાધારણ ખાતામાંથી આપશ્રી યોગ્ય રકમ આપના ત્યાંની પેઢીમાંથી ભલામણ કરી મોકલશો. વધુમાં વધુ સહકાર આપી શકય તેટલી વધારે રકમ મોકલવા આગ્રહભરી વિનંતી....
ચેક / ડ્રાફટ નીચેના નામે મોકલવા વિનંતી.

**શ્રી નેમનાથ કારખાના ટ્રસ્ટ રાંતેજ**